

## સુપ્રભાતમ્

સરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ઉપેક્ષિત-હતાશ લોકને વિકલ્પ મળી ગયો,*
*પદ અને ટિકીટ વાંચ્છુને, વિકલ્પ મળી ગયો !*
*વિકલ્પ મળી ગયો ઉભરા ઠાલવવા પક્ષોને*
*દ્વિધામાં ઝૂલનારાને નવો વિકલ્પ મળી ગયો!*

### હાઈકુ

*છેદાયું નાક*
*વિચાર અભિવ્યક્તિનું*
*રામ-રાજયમાં...*
*(ગૌરી લંકેશ)*

*ત્રણ કલાક*
*રહ્યા નજરકેદ -*
*ગૌરી લંકેશો...*
*(ગુજરાતમાં...)*

### ચિંતન

*પાંચ તત્વ પૂરતી, માનુષ ધરિયા નાંવ ।*
*એક કલાકે બિછુરે, બિકલ હોત સબ ઠાંવ ॥*

**ઉપરોક્ત સાખી કબીર બિજકગ્રંથમાંથી લેવાયેલ છે.**

**કબીર કહે છે કે પાંચ તત્વના પૂતળાને મનુષ્યની શોભા આપી. બધી સામગ્રી એની પાસે હતી. પરંતુ એક કળા એટલે કે એક પારખ ન હોવાથી ઠામોઠામ વેચાય છે અને દુઃખ માથા પર ઊપાડીને ફરે છે. પારખ વિના દુઃખ અને સુખ ઓળખાતાં નથી. એટલે સુખની અને શાંતિની પણ કરણી કરે છે. દુઃખ અને ઉપાધિની સુખ માટે ગુણ અને સંતોષની ઘણી જરૂર છે. તો સંતોષ ધારણ કરો એટલે સુખ મળશે.**

**જેમ ઘી દૂધમાં છે, તેલ તલમાં છે, કેરી આંબામાં છે એમ પારસના સ્પર્શથી લોઢું સોનું થાય છે એમ ચેતન શરીરમાં રહે છે પરંતુ વિવેક વિના ઓળખાતો નથી.**

### સુવિચાર

- મહેનતુ માણસને નસીબ પોતાનું વીઝીટીંગ કાર્ડ સામેથી આપે છે - **નારાયણ મૂર્તિ**
- હે ભગવાન, અરીસો સાફ કર્યો ને 'હું' દેખાયો, ને 'હું' ને સાફ કર્યો ને 'તું' દેખાયો - **અખંડ આનંદ**
- આરોપિત ભાવ એ કર્મ અને ભોગવટો તે કર્મફળ, આરોપિત ભાવ ને જ અહંકાર કહે છે - **આપ્તસૂત્ર**
- જે 'સ્વ'ના ઊંડાણમાં જાય છે તે સર્વસ્થની ઊંચાઈને પામે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પૈસાનો સંગ્રહ કરે તેને લોકો ઓળખે છે,
  પૈસો સમાજ તથા ધર્મ માટે વાપરે તેને લોકો ચાહે છે - **અમૃત બિંદુ**
- નમ્રતા મસ્તક ઝુકાવે છે, અહંકાર મસ્તક ઉડાડે છે- **સંત રોબિન**
- આજનું ઔષધ : એક ચમચી કાચા બટેટાનો રસ મુલતાની માટી સાથે મેળવી ચહેરા પર લેપ કરવાથી ચહેરો નીરખી ઊઠે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

કોઈ પણ કલાકાર-સર્જકને થોડુંક પ્રોત્સાહન પ્રેરણાની જરૂર હોય છે જે તેનામાં વિશ્વાસ-શ્રદ્ધાનો ઉત્સાહ રેડે છે.

પ્રખ્યાત ચિત્રકાર ગેબ્રિયલ દાંતેને મળવા એક આધેડવયનો ચિત્રકાર આવ્યો. એ પોતાની સાથે પોતાના દોરેલા કેટલાક ચિત્રો લાવ્યો હતો. ગેબ્રિયલના હાથમાં ચિત્રો મૂકતા તેણે કહ્યું, 'મહાશય, ખૂબ મહેનત કરી આ ચિત્રો મેં દોરેલા છે, આપ ચિત્રકળામાં મહારથી છો. માટે મારા આ ચિત્રો જોઈને અભિપ્રાય આપશો.' ગેબ્રિયલે દરેક ચિત્ર ધ્યાનથી જોયા અને પછી કહ્યું, 'મહાશય, આપે મહેનત ઘણી કરી છે પણ આ બધા જ ચિત્રો સામાન્ય છે, એમાં કોઈ વિશેષતા નથી જોવા મળતી.'

આધેડ માણસે દુઃખ સાથે ચિત્રો લઈ થેલામાં મૂકયા અને બીજી એક ચિત્રોની ફાઈલ કાઢી ગેબ્રિયલને જોવા આપી અને કહ્યું, 'આપ આ ફાઈલનું એકેએક ચિત્ર જોયું અને એમના ચહેરા પર પ્રસન્નતા વધતી ગઈ. એમણે કહ્યું, 'મહાશય આ ફાઈલમાંના ચિત્રો અદ્ભૂત છે. કલાકારે જીવ નીચોવી દીધો છે. જો આ ચિત્રકાર ને થોડી તાલીમ આપવામાં આવે તો મારા કરતાં પણ વધુ સારો ચિત્રકાર બની શકે તેમ છે, આ ચિત્ર દોરનાર કોણ છે?'

આધેડ માણસે કહ્યું, 'આ ચિત્રો દોરનાર યુવાન હું જ છું આજથી ત્રીસ વર્ષ પહેલા મેં આ ચિત્રો બનાવેલા હતા. આજે તમે મને આ ચિત્રો જોઈને જે પ્રોત્સાહન પૂરું પાડ્યું એવું કોઈએ ૩૦ વર્ષ પહેલાં કર્યું હોત તો હું પણ આજે આપના જેવો ચિત્રકાર હોત તો હું પણ આજે આપના જેવો ચિત્રકાર હોત.'

# બાળકોની સુરક્ષા અનિવાર્ય છે

**તંત્રીસ્થાનેથી...**

રાજકારણ અને ધર્મકારણની ઝાકઝમાળ વચ્ચે કયારેક સાવ જ પાયાની બાબતો પ્રત્યે એટલી હદે બેકાળજી લેવાય છે કે જયારે, ગુડગાંવની રેયોન સ્કૂલ જેવી પ્રતિષ્ઠિત શાળાના નિર્દોષ બાળકને ધારદાર ચપ્પુથી રહેંસાઈ ગયેલો દેહ ટોઈલેટમાંથી મળી આવે છે અથવા દિલ્હીની પબ્લિક સ્કૂલની માસૂમ બાળા પર બળાત્કારની ઘટના બને છે. ત્યારે નથી તો સરકાર કે વહીવટતંત્ર પાસે એનો ઉપાય રહેલો કે નથી એ શાળા સંચાલકો પાસે એનો ખુલાસો હોતો. જેઓને કમનસીબે આવાં ધૃણાસ્પદ અપકૃત્યોની પીડા સહન કરવાની આવે છે તેમાં એ માસૂમ બાળકો અને એમના માતાપિતા ફકત નસીબનો દોષ કાઢી એ દુઃખ સહન કરી લેતાં હોય છે. પ્રજાનો એક જાગ્રત સમુદાય વખત પૂરતો ઊહાપોહ જરૂર કરી લે છે, પણ સમય જતાં એ આક્રોશ ઠંડો પડી જતો હોય છે. સરકાર, શાસનવ્યવસ્થા અને શાળઆઓનાં સંચાલક મંડળ એક અવાજે આવી ક્રૂર ઘટનાઓને વખોડવામાં એકમેકની હરિફાઈમાં ઊતરે છે. જાણે આવી ઘટનાઓ ફરી કયારે પણ નહીં બને એવાં આશ્વાસનોની કિલ્લેબંધી રચાય છે. ગુનેગારને કાયદાના હવાલે કરાયાનો ઓડકાર લેવાય છે, અને થોડાં જ વખતમાં એ બધું બન્યું જ ન હોય એમ ભુલાઈ જાય છે. વળી પાછી બીજી કોઈ શાળામાં અને બીજા કોઈ પ્રદેશમાં કે શહેરમાં આવી જ ઘટનાનું પુનરાવર્તન થાય છે અને એની એ ચીલાચાલુ પ્રતિક્રિયાઓ, તપાસ, ધરપકડ, ન્યાયિક પ્રક્રિયા શરુ થાય છે. આજકાલ જે એ કયારનીય ઘટનાઓ ચર્ચામાં છે ને હરિયાણાના ગુરગાંવ (ગુડગાંવ) અને દિલ્હીમાં આવેલી પ્રતિષ્ઠિત ખાનગી શાલાઓમાં બની છે. માસૂમ બાળક સામે સૃષ્ટિ વિરુદ્ધનું કર્મ કરવા જતા એની જાણ થઈ જશે એ બીકે બસ કંડકટર એની ધારદાર ચપ્પુથી હત્યા કરી દે છે. બીજા કિસ્સામાં માસૂમ બાળા પર શાળાનો પ્યૂન જ બળાત્કાર કરે છે. બેઉ ઘટનાઓ નજીક નજીકમાં રાજયોમાં બની છે. ગુડગાંવ ભલે હરિયાણામાં ગણાતું હોય પણ એ દિલ્હીના જ એક ભાગ જેવો વિસ્તાર છે.

હરિયાણાના મુખ્યમંત્રી પરમાનંદ ખટ્ટર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એક સરખી ભાષામાં આ ઘટનાઓને વખોડી કાઢી છે. બેઉએ વાલીઓ ઈચ્છતા હોય એવી તપાસ આપવાની સંમતિ દર્શાવી છે. આથી પ્રજામાં શાસન સામે ઊહાપોહ સ્વાભાવિક રીતે જ શમી જવાનો અને શાળા સંચાલકો વિરુદ્ધ ઉગ્રતા અને આક્રોશ વધવાનો. વખત પૂરતી આવી શાળાઓની ઈજ્જત ધોવાઈ જવાની, પરંતુ પછી શું ? પછી એ જ શાળા સંચાલકો અદાલતનો આશ્રય લઈ પહેલાં કરતાં બમણી તાકાત સાથે મેદાનમાં આવી જશે. વાલીઓ એકલદોકલ ઘટના માટે શાળા સંચાલકો કરતાં જે-તે ગુનો આચરનાર વ્યક્તિને જવાબદાર ગણી પોતાનાં બાળકોની ઉજ્જવળ કારકિર્દી ખાતર એ જ શાળાઓમાં પ્રવેશ મેળવવા નાકલીટી તાણતા થઈ જશે. આ એક વસમી વિડંબના છે અને એના મૂલમાં પડેલી છે કારકિર્દીની ભૂખ. આજનો ચોથા વર્ગનો કર્મચારી કે ખેતમજૂર પણ પોતાનું બાળક પ્રતિષ્ઠિત ફાઈવસ્ટાર શાળામાં ભણીગણી સારી કારકિર્દી બનાવે તેવું એવું ઈચ્છતા હોય છે. માતાપિતાને બાળક પાછળ સમય આપવાનું અનકૂળ નથી રહ્યું. એમને બે છેડા સરખા કરવા કયાંક ને કયાંક આઠથી બાર કલાક લગી કાર્યરત રહેવું પડે છે. બાળકને 'સારી' શાળામાં પ્રવેશ અપાવવા ગજા બહારનો ખર્ચ કરવો પડે છે એટલું જ નહીં, એ માટે મોટાં માથાની લાગવગ પણ લગાવવી પડે છે. આટલું કર્યા પછીય વાલીઓ સંતોષ અને ગૌરવ અનુભવતા હોય છે કે પોતાનું બાળક આવી પ્રતિષ્ઠિત 'ઈન્ટરનેશનલ' શાળામાં ભણી રહ્યું છે. ત્યાં ઓચિંતી પાછી એક દિવસ આવી કોઈ લોહિયાળ ઘટના બને છે ત્યારે એમનું ઘેન ઊતરે છે. શું આ દેશના બાળપણની આ જ નિયતિ છે ? જે રાષ્ટ્ર પોતાનાં માસૂમ બાળકોની સલામતીની ખાતરી ન આપી શકતું હોય તેને 'રાષ્ટ્ર' કહેવડાવવાનો અધિકાર જ ન હોવો જોઈએ. પ્રજા તરીકે આપણે કેટલા વામણા છીએ એની આવી ઘટનાઓ જ પારાશીશી નથી શું ?

# અંધશ્રદ્ધા જ લઈ ગઈ કબર સુધી મને...



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

અઠંગ "બાબા"નો જન્મ પ્રયત્ન વગર થાય.?..

આત્મવિશ્વાસનો અભાવ, શ્રધ્ધાને બદલે અંધશ્રધ્ધા અને પરિશ્રમનો વિકલ્પ શોધવામાં લોકો આવા જ કોઈ અઠંગ "બાબા" ને જન્મ આપતા હોય છે. જે ઉણપ પોતામાં છે, જે ખામીથી પોતે ભરેલો છે અને જે એને જોઈએ છે તેની 'બાબા' પાસે અપેક્ષા રાખે છે . બાબા તો લાગ જોઈને જ બેઠા હોય છે. ને પછી શરૂ થાય છે હારમાળા." જા બચ્ચા તેરા ભલા હો જાયેગાપપ " જો તમે કોઈ સાચા સંતના અનુયાયી છો, તો તમે સદનસીબ પણ જો કોઈ 'અઠંગબાબાના' ફોલોઅર્સ છો તો, તમારું બદનસીબ. મારી દષ્ટીએ કોઈ મહંત,પાદરી કે મુલ્લાનો વાંક છે જ નહિ. તેઓ તદ્?ન નિર્દોશ છે ! દોષિત તો આપણે છીએ. આપણે જ તેને ચમત્કાર કરવાનું કહીએ છીએ.સમાધાન કરાવવાનું કહિયે છીએ. મહંત, મુલ્લા અને પાદરીને લોકો બગાડે છે એમ ગુણવંત શાહે એક જગ્યા એ લખેલું. અને આજે પણ એ વાત એટલી જ પ્રસ્તુત છે.

સમસ્યા તો જુઓ :

'મારે બાળક નથી', 'પત્ની માનતી નથી',' છોકરાનુ ગોઠવાતુ નથી', વગેરે સમસ્યાઓની સાથે- સાથે આપણામાં આત્મવિશ્વાસાનો અભવ છે તે પણ દર્શાવીએ છીએ. પરિશ્રમ કરવાની અને સાહસ ખેડવાની વૃત્તિનો અભાવ છે. તે પણ બતાવીને બાબાના ચરણોમાં શરણું શોધીએ છીએ.બાબાને સતત શોધતી, તેના ખોળામાં બેસતી આ પ્રજાને બીજુ કયું ઈનામ મળી શકે? મારી બુધ્ધી ઓછી પડે છે એ સમજવામાં કે,' પત્નીને સંતાન ન થાય તેમાં બાબા શું કરે '? 'તારી પત્ની તારું ન માને એમાં બાબાની ભૂમિકા શું '? 'તારો ધંધો ચાલતો નથી એમાં બાબા કયા ભાગીદાર ગણાય' ? એનો એક માત્ર ઉકેલ એ છે કે :

આત્મવિશ્વાસુ, શ્રધ્ધાવાન અને સાહસી યુવાનો તૈયાર થવા જોઈએ. તે માટે સમગ્ર દેશનો અભ્યાસક્રમ સદગુણ અને સંસ્કારોથી છલકાતો હોવો જોઈએ.સંપત્તિ કરતાં સંસ્કાર ચઢિયાતા છે. કારણ સંપત્તિથી વીલ બને સંસ્કારથી ગુડવીલ બને. પરંતુ શિક્ષણ આલમ લાચાર છે. કરુણતા એ છે કે આપણા પાઠ્યપુસ્તકોમાં આ બધા ગુણોનો અભાવ વર્તાય છે. ધોરણ ૧ થી ૮ ના અભ્યાસક્રમમાં બીજુ કંઈ ભણાવાય કે ન ભણાવાય પરંતુ વિધ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ ઉભો થાય, તે સાહસિક બને,શ્રદ્ધાવાન બને,વીર-પરાક્રમી બને,પરિશ્રમી બને,તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.મા-બાપથી મોટા કોઈ ગુરુ નથી અને સ્વયંના આત્મવિશ્વાસ જેવો બીજો કોઈ ગુણ નથી . મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશીએ "કેળવણીનો કિમીયો" માં લખ્યું છે કે 'જગતની તમામ સમસ્યાઓનું મૂળ કેળવણીમાં છે'

ડો. સંતોષ દેવકર.

**મિસરી**

"મારે સળગતો હાથ લઈને ઘૂમવું સતત
તારે જ રમવો રાસ, મને પરવડે નહીં
તારી રજા ના લેય, અને આવજા કરે
એવો તો કોઈ શ્વાસ, મને પરવડે નહીં"

**- સ્નેહી પરમાર**

# દુનિયા ન જીત પાઓ તો હારો ન આપકો, થોડી બહુત તો જહન મે નારાજગી રહે



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

દુનિયા ન જીત પાઓ તો હારો ન આપકો,
થોડી બહુત તો જહન મે નારાજગી રહે
- નિદા ફાજલી

સાચના સંબંધ બહુ ઓછા હોય છે. મોટા ભાગના આપણા સંબંધો કાચના હોય છે. તેને તૂટી જતા જતા વાર નથી લાગતી આપણે નથી ઊંડે જોતા કે નથી ઊંચે જોતા આપણો આપણી જાત સાથેનો સંબંધ પણ કેટલો અછડતો છે! કોઈ દિવસ મનગમતું એકાંત મેળવીને નિરાંત જીવે આપણે કોઈ દિવસ આપણી જાત સાથે વાત કરવાનો મોકો મેળવ્યો છે ખરો?

માણસ જાત જન્મે છે ત્યારથી ઈચ્છા હોય કે ન હોય એ સંબંધોની માયાજાળમાં ફસાયેલો રહે છે. પ્રત્યેક સંબંધ મારીચના રૂપમાં સુવર્ણમૃગ છે. દૂરથી જોવાની મઝા છે, પાસે જઈને કદી પકડી શકાતો નથી. આપણે જો જાત સાથે સંબંધ કેળવીએ તો કસ્તુરી મૃગ થવાય. કસ્તુરીમૃગ પાસે પોતાની સુવાસ હોય છે. જે માણસ પાસે પોતાનું કશુંય હોય તેણે બહારના કશા પર ઝાઝો મદાર રાખવો પડતો નથી.

જયારે બધા જ સંબંધો પોકળ અને પામર પુરવાર થાય ત્યારે અથવા ન થાય તો પણ માણસે કયારેક તો સંબંધની પાર જતા રહેવું જોઈએ... આગ્રહ બરાબર છે પરંતુ દુરાગ્રહ ખોટો છે. અભિવ્યક્તિ બરાબર છે, પરંતુ તેમાં કટુતા હોય તો પડવા જેવું નથી. સત્ય પણ સારી રીતે કહી શકાય છે. તમે ગમે તેટલા સાચા હો કે આખાબોલા હો, પણ કોઈને વાગે એ રીતે વાત ન કરાય. શરીરનું ખૂન કરીએ તો ખૂની કહેવાય. પણ શબ્દોથી કોઈને દુભવીએ તો એની શિક્ષા અંતે તો આપણને જ કયારેક ને કયારેક થતી હોય છે. માટે જ તો આપણા શાસ્ત્રોમાં વચન છે ને -

સત્યં બ્રૂયાત, પ્રિયં બ્રૂયાત્, ન બ્રૂયાત સત્યમ્ અપ્રિયમ્

હા! તેનો અર્થ એવો નથી કે આપણે શબ્દોથી લોકોને પંપાળે જ રાખીએ, જયાં આપણા સત્યની જરૂર હોય ત્યાં જ વાત કરી શકાય.

આપણું સત્ય અને આપણાં આંસુ કયારેય સસ્તા ન બનાવવા. બંને ખૂબ મૂલ્યવાન છે... ગમે ત્યાં ન વેડફાય...

અને જરૂર વગર કોઈના અહમ્‌ને શા માટે અડફેટમાં લેવો ? ઘવાયેલા અહમ્ વાળો માણસ પશુ થઈને વીફરે છે અને વકરે છે.

આપણે મોટાભાગે અભિપ્રાય ઓકતા હોઈએ છીએ... આપણે જયારે અભિપ્રાય વ્યકત કરતા હોઈએ છીએ ત્યારે આડકતરી રીતે એવું પુરવાર કરવા માગીએ છીએ કે આના કરતા મને વધુ આવડે છે.

સાચું બોલવું અને સારું બોલવું, એક કળા છે... પરંતુ માણસ જાત એકમેકને સુખી કરવા ટેવાઈ નથી. જયાં સુધી વ્યક્તિ એકમેકને દુઃખ ન આપે ત્યાં સુધી માણસને ચેન પડતું નથી. જેમ જેમ સંબંધ ગાઢ થતો જાય તેમ-તેમ દુઃખી કરવાની કળા પણ ગૂઢ અને પ્રબળ થતી જાય.. જે ક્ષણે આપણા સુખનો આધાર બીજાના દુઃખ પર આધાર રાખે તે ક્ષણથી આપણું મનુષ્ય તરીકેનું પતન શરુ થયું સમજો...

મહેણા-ટોણા, વાત વાતમાં મોઢું ચડાવવું, ત્રાગા કરવા, હવે તો તારી બાબતમાં નહીં જ બોલું એમ કહીને તોબરો ચડાવીને ફરવું - આ બધી સામી વ્યક્તિને યાતના આપવાની અનેક પદ્ધતિઓ છે.

લગ્નજીવન એ શું છે? કેટલી અને કેવી કુશળતાથી પતિ અથવા પત્ની પોતાની વાતની સહમતિ મેળવી શકે છે... તેની રમત એટલે લગી આમા શતરંજની ચાલની જેમ બે પગલાં આગળ તો કોઈ વખત બે ડગ પાછળ ચાલીને પણ બાજી બચાવવાની જહેમત કરવાની હોય છે...

માતા-પિતા ભાઈ-બહેન આ દરેક સંબંધો અંતે તો છૂપું રાજકારણ જ છે ને! અચંબિત ન થશો? ઈમોશનલ બ્લેકમેઈલિંગ દ્વારા જે કામ કઢાવવામાં આવે છે, તેના કરતા તો લમણે પિસ્તોલ મૂકીને કોઈ લૂંટી લે તે વધુ સારું લાગે...

સંતાનનું આજ્ઞાંકિતપણું ઘણીવાર આવા ચાન્સ મા-બાપને આપે છે... જે સંતાન નફ્ફટ થઈને જવાબો આપે છે, તેવા મહારથીની વાત નથી પરંતુ જે સંતાન માતા-પિતા, પત્ની-બહેન બધા જ સગાને - બધા જ સંબંધોને સાચવવાનો ભેખ ધારણ કરીને બેઠો હોય છે - તેને સૌ ટપલા મારી મારીને લાગણીવશ બનાવીને કામ કઢાવીને પોરસાય છે... વાત કડવી છે પરંતુ સાચી છે...

વસ્તુતઃ વર્ષના અંતે ઓડિટના લેખા-જોખાની જે બેલેન્સશીટ બને છે, તેમ સંતાન કયારેક આજ્ઞાકારી બનીને મા-બાપના વશમાં રહ્યો અને કેટલો વખત બળવો પોકારીને વહુઘેલો થયો તેની Summary બનાવીને નફા-નુકશાનના આંકડા માંડવામાં આવે છે.

ઘરમાં કોનું મહત્ત્વ વધારે છે. કેટલા ટકા સલાહ સૂચનો કયા સદસ્યના માનવામાં આવે છે. તે આધારે પરિવાર-જનો મનોમન પોતાનું મહત્ત્વ કેલ્કયુલેટ કરતા હોય છે.

અને રખે ને માનતા આ બધું ઈરાદાપૂર્વક કરવામાં આવતું હોય છે, આ બધો વ્યવહાર તો અજાણતા જ સૌ વ્યક્તિઓમાં Inbuilt જ પડેલો હોય છે.

કોઈ વખત પ્રેશરાઈઝ થઈને, ઘણીવાર કોમ્પ્રોમાઈઝ કરીને, પરિવારની ખુશી અને સમૃદ્ધિ માટે કજિયા-કંકાસ ટાળવા માટે એડજેસ્ટમેનટ કરી કરીને જીવતા-જીવતા આપણે અધમૂઆ થઈ જઈએ છીએ...

Relax, આપણે કાંઈ આ બધા માટે બંડ પોકારીને હિમાલય ભણી ચાલી જવાની આવશ્યકતા નથી... પરંતુ આપણા આત્મીયજનો માટે આખી જિંદગી આપણે આપીએ છીએ. મા-બાપ,ભાઈ-બહેન, પત્ની-બાળકો, તો આ બધામાંથી સમય કાઢીને કયાંક આપણી માટે પણ જીવી લઈએ... આપણને ગમતી કોઈ એક વસ્તુ કરવામાં દિવસનો માત્ર અડધો કલાક પણ કાઢી રાખીએ... તો આનંદ બેવડાશે... કદાચ જે લોકો આપણા પોતાના છે, તેમને વધુ સારી રીતે સાચવી શકાશે... સ્વયં સાથેનો સંવાદ વધારશું તો બીજા વિવાદોથી બચી શકાશે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# જેમને કામ કરવું જ છે એ વાતો કે વાયદા નથી કરતા બસ, કામ કરે છે



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'લાંબા વાળ વાળો અને બેઠી દડીનો આ યુવાન કોઈ એક ગામનો આદર્શ કેવી રીતે હોઈ શકે ?'

સુરેશ પુનડીયાને જોનાર સહુ કોઈને પહેલી નજરે આ પ્રશ્ન થાય. પસ્તીમાંથી પણ મસ્તી મળે ને, સ્કીઝ બેઈઝ શિક્ષણથી રોજગારી મળે એવું બાળકોને શિખવતો આ માણસ ગુજરાતના એક ગામડા માટે આજે ભાગ્યવિધાતા બની ગયો છે. સાવ એકલપંથે, સરકારની કોઈ પણ સહાય લીધા વિના એ જે કામ કરે છે એનાથી ગામની આર્થિક - ભૌતિક - સામાજિક - પ્રતિષ્ઠા અને સુવિધામાં વધારો થાય છે.

એનું વતન પાટણ છે, પણ પાંચસોથી વધુ ગામડાઓમાં વિચરણ કરીને હાલ એ ગામ વાંકાનેરડામાં સ્થાયી થયો છે. નથી એ શિક્ષક- નથી એ સમાજ સુધારક - નથી એ રાજકીય કે સામાજિક કે જ્ઞાતિનો અગ્રણી તો પછી એવું શું છે એનામાં કે આજે ગાંધી વિચારધારાથી એ ગામડામાં વ્યક્તિગત અને સામૂહિક ઉત્થાનની પ્રવૃત્તિ કરવામાં સફળ થયો છે ?

વાંકાનેરડા ગામ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં અમદાવાદથી ૩૫ કિલોમીટરના અંતરે આવેલું છે. અંદાજે અઢી હજારની વસ્તી ધરાવતા ગામમાં મોટાભાગે લોકો ખેતી કરે ચે.

આજથી બે વર્ષ પહેલાં દેશના હજારો ગામડાની જેમ વાંકાનેરડા પણ ગોબરૂ - અવ્યવસ્થિત અને દેશી પદ્ધતિ પ્રમાણેનું જ હતું. પરંતુ કુદરતે અહીં બે વર્ષ પહેલા એક દિવસ સૂરજના ઉજાસરૂપી એક યુવાન નામે સુરેશ પુનડીયાને મોકલ્યો. અને આ યુવાને એવો જાદુ કર્યો કે બે વર્ષ પહેલાં અહીં આવેલું કોઈ માની જ ના શકે કે આ ગામમાં હું પહેલા આવી ચૂકયો છું.

પહેલા ગામમાં ઊકરડા હતા આજે નથી, બીક લાગે તેવું સ્મશાન આજે સાંજે બેસવા જવા માટેનું સ્થળ બની ગયું છે. ગામની જૂની શાળા આજે સાવ બદલાઈ ગઈ છે.

લાંબા લાંબાવાળ, ખાદીના કપડા પહેરેલો સુરેશ ગામમાં સફાઈ કામ કરી રહ્યો છે. બાળકોની તંદુરસ્તી માટે જાતે પ્રયાસ કરીને સહુને તેમાં જોતરી રહ્યો છે. શાળામાં અને ગામમાં જાત મહેનત ઝીંદાબાદથી જાજરૂ બનાવે છે. વૃક્ષો વાવે છે ને ગામડા ગામના લોકોને ગાંધી વિચારસરણી જીવનમૂલ્યો સમજાવે છે. તેના દ્વારા ગામના લોકો સ્વચ્છતાનું મૂલ્ય શીખ્યા છે. ગામના લોકો કહે છે કે આ સુરેશે ગામમાં આવીને ગામના લોકોના તન અને મન બંને જાણે હકારાત્મક પરિવર્તનથી બદલી નાખ્યા છે. એ શીખવાડે છે કે બીજાના દોષ ના જુઓ, આત્મશક્તિ અને સંકલ્પ શક્તિને ખીલવવાના સંસ્કાર આપે છે. વ્યસન મુક્તિ હવન કરીને ગામના યુવાનોને તમાકું, દારૂ, સિગારેટના વ્યસનથી બચાવે છે. ગામમાં જે કોઈ ઘરે બોલાવે એના ઘરે જઈને જમી લે છે. બાળકો મસ્તી કી પાઠશાળામાં જાણીને રાજી રાજી છે. ને પાછા પોતાની શાળાએ તો જાય છે જ.

ગામના લોકો કહે છે કે અમને પૈસા વિના પણ કેવી રીતે મસ્તીથી જીવાય તે આ માણસે શીખવું છે. આજુબાજુના ગામોમાં જઈને સુરેશ મોટીવેશનલ લેકચર પણ આપે છે. ગામડા ગામના લોકોને પરિશ્રમનું પરસેવાનું મૂલ્ય એણે સમજાવ્યું છે. ગામ લોકોના દ્વારા એના પ્રાથમિક જરૂરિયાતના ખર્ચાને ઉપાડી લીધો છે. ગામમાં કોઈ મહેમાનો સુરેશને ત્યાં આવે કે ભોજનની વ્યવસ્થા સંભાળી લે છે. ગાંધી વિચારધારાના પ્રતિનિધિ એવા સુરેશ પુનડીયાના કારણે ગ્રામજનોને માત્ર બાહ્ય નહિ આંતરિક સમૃદ્ધિ પણ મળી છે.

આઝાદી મળ્યાના છ દાયકા પછી પણ ભારત કે ગુજરાતના ગામડાઓનો વિકાસ મહાત્મા ગાંધી કે સરદારની ધારણા મુજબ આજે પણ થઈ શક્યો નથી.

વ્યક્તિગત અને સામૂહિક પ્રશ્નોના ઉકેલની દિશામાં સરકારો તો પ્રયત્ન કરે જ છે એ પરંતુ પ્રજાકીય જાગૃતિ પણ એટલી જ જરૂર છે. આવા સમયે લોકજાગૃતિ કેળવવા માટે આમ એકલપંડે કામ કરતા યુવા પેઢીના યુવાન-યુવતીઓ જયારે જયારે જોવા મળે ત્યારે આંખ ઠરે છે અને આનંદ થાય છે.

કોઈ એક માણસ જયારે શુદ્ધ ભાવનાથી ગામડા ગામને સુશોભિત અને સંસ્કારિત કરવા જીવન સમર્પિત કરે ત્યારે એને ધન્યવાદ આપવાનું અને એને અભિનંદન આપવાનું મન થાય એ સ્વાભાવિક છે. જાગૃતજન જેવી સંસ્થા જયારે આવા કાર્યો કરે ત્યારે સેવાના અને સેવાના સન્માનના દીવડા પ્રગટે છે ને અજવાળા રેલાય છે.

●●●

જેમને કામ કરવું જ છે એ વાતો કે વાયદા નથી કરતા બસ, કામ કરે છે.